



# હમ તો રૂખ્સત હૂએ ઔરોને સંભાલી દુનિયા

હબીબુર્રહમાન મતાદાર
(સેક્રેટરી) ઇકરા એજ્યુકેશન સેન્ટર, ભરૂચ.
ફોન : ૦૨૬૪૨-૬૫૩૮૮૨

ટંકારીઆ તાલુકા-જીલ્લા ભરૂચનું આશરે ૨૦ થી ૨૨ હઝાર મુસલમાનોની વસ્તી ધરાવતું એક મોટું ગામ છે. શિક્ષણ ક્ષેત્રે બહુ પંકાયેલું છે. કવિ જનાબ અદમ ટંકારવી અને યાકુબ મહેક્નું આ ગામ છે.. આ ગામે સંખ્યાબંધ શિક્ષકો અને શિક્ષિકાઓ ભેટ ધર્યા છે. સંખ્યાબંધ પ્રોફેસરો, દાક્તરો, એન્જીનિયરો વિગેરેની ખેપ આપી છે. સંખ્યાબંધ આલિમો-હાફિઝો અને કારીઓનો ઢગ ખડક્યો છે. વેપારીઓ, વકીલો, કારીગરો અને ચિંતકો પણ એટલાજ આપ્યા છે. અહિં લાલી અને ઇબ્રાહિમ નાથલીઆ જેવા અનેક દાનવીરો પેદા થયા છે. આ ગામનો માણસ ભારતના ખુણે ખુણે અને દુનિયાના દેશે દેશમાં મળે છે.

આવા વિવિધ ખૂબીઓ અને ગુણો ધરાવતા ગામના એક સપૂત મર્હુમ જનાબ ઉમરફારૂક ચામડ સાહેબ હતા જે તારીખ ૧૪-૦૭-૧૯૩૫ માં આ ગામના મધ્યમવર્ગી ઘરમાં પેદા થયા ત્યાં જ તાલીમ લઇ મોટા થયા અને યુવાવયે વેપારમાં ઝંપલાવ્યું, પછી કારખાનાઓ-ફેક્ટરીઓ અને મોટા ઉદ્યોગોમાં લેબર સપ્લાયર તરીકે ખૂબ સફળતા પૂર્વક કામ કરતા રહ્યા.

મેં અને મારા સાથી મિત્રોએ જયારે ભરૂચમાં શૈક્ષણિક ક્રાંતિ લાવવા ૧૯૮૪ થી જે મુલાકાતો શરૂ કરી હતી તેમાં મર્હુમ ઉમરફારૂક ચામડને પણ અમે મળતા. એ વેળા એમની ઓફિસ સુપરમાર્કેટમાં હતી. અમે નિયમિત મહિનામાં બે એક્વાર કલાક દોઢ કલાક મળતા. કોમની હાલત પર વાતચીત કરતા. ઉપાયો પર વિચારણા કરતા અને કંઇક કરવાની ભાવના લઇ છુટા પડતા. અલ્લામા ઇકબાલના એ આશિક હતા એટલે ડો. ઇકબાલની શાયરી પર સારી એવી ચર્ચા થતી. ફોન પર જયારે વાત થતી તો છેલ્લે ડો. ઇકબાલના અમુક શે'ર કહી સંભળાવી ફોન મુક્તા. જયારે અમે સંસ્થા ઉભી કરી ત્યારથી અત્યાર સુધી અમને સારૂં એવું ડોનેશન અર્પણ કરતા અને સંબંધિઓથી પણ કરાવતા. બરેલ્વી મસ્લક અને સુફીવાદથી પ્રભાવિત હતા પણ બીજા મસ્લક કે એમની સંસ્થાઓ માટે કદી ખોટો શબ્દ ઉચ્ચારતા ન હતા. વાતોમાં, ચર્ચામાં કદી કોઇની નીંદા કરતા ન હતા. બધા જ મસ્લકની સંસ્થાઓમાં એમનું ડોનેશન પહોંચતુ અને બધાથી જ સારા સંબંધો રાખતા હતા.

મુસ્લિમ એકતાના જબ્બર હિમાયતી હતા. પોત પોતાના મસ્લક પર રહી એકબીજાને ઉપયોગી થવા, મળવા, ખાવા-પીવા પર બોલાવવા, દુઆ સલામ કરવા, ખબર અંતર પૂછવા અને જવા-આવવાના સંબંધો રાખવાના આગ્રહી હતા. આપણી સંસ્થા દ્વારા યોજાતા મુશાયરાઓમાં અવશ્ય આવતા અને અન્ય સમારંભો ખાસ કરી બઝમે ઇકબાલ અને મુસ્લિમ રાઇટર્સના જલ્સાઓમાં જરૂર શામેલ થતા. આપણા ઇદ મિલન સમારંભોમાં તો ઇકબાલની શાયરી અને સમાજ પર સારૂં વક્તવ્ય આપતા હતા. છેલ્લા બે વરસથી તો વાતચીતમાં અને લાગણી પ્રવાહમાં વહી જઇ મિલ્લતની દુર્દશા પર રડી પડતા હતા. આવી અનેક ખૂબીઓના માલિક ૧૧-૦૬-૨૦૧૩ ના રોજ રાત્રે ૨:૦૦ વાગ્યે થોડી ગભરામણ અનુભવી પોતાનો પ્રાણ સર્જનહારને સમર્પિત કરી આ દુનિયા છોડી ગયા. ઇન્ના લિલ્લાહી વઇન્ના ઇલયહી રાજીઉન.

આપણે દુઆ કરીએ કે અલ્લાહ એમની બક્ષિસ ફરમાવે અને જન્નતમાં ઉચ્ચ દરજાતથી નવાઝે અને સંબંધિઓને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન.... ★

**કુર્આન પઢવું સવાબનું કાર્ય છે પણ પોતાના મનપસંદ આલિમના તર્જુમા-તફસીર સાથે સમજીને પઢવું કુર્આન ઉતરવાનો મૂળ હેતૂ છે માટે કુર્આન સમજીને પઢો.**



## શ્રદ્ધાંજલિ
## પરમ મિત્ર મરહુમ ઉમર ફારૂક

*□ કદમ ટંકારવી*

આહ! એકાએક ઉમર ફારૂક તો ચાલી ગયા
નેક દિલ ઇન્સાન ઉમર ફારૂક તો ચાલી ગયા

પ્રેમાળ જે સ્વભાવના સાલસ હતા તે ઉમર ફારૂક
હમદર્દ માનવી જે નિખાલસ હતા તે ઉમર ફારૂક

ઇન્સાન દોસ્ત ઇન્સાન હતા તે ઉમર ફારૂક
શુભનિષ્ઠ, નિષ્ઠાવાન હતા તે ઉમર ફારૂક

ઇકબાલના કવનના આશક હતા તે ઉમર ફારૂક
શાયરોના પણ ઘણાં ચાહક હતા તે ઉમર ફારૂક

કંઠસ્થ જેમને ઘણાં અશઆર હતા તે ઉમર ફારૂક
માણસ ખેરખર મિલનસાર હતા તે ઉમર ફારૂક

લાગણી સભર કોમલ દિલ હતું તે ઉમર ફારૂક
નિષ્કપટ, નિર્મળ, સુઘડ મન હતું તે ઉમર ફારૂક

દોસ્તીને જાળવી રાખી ગયા, તે ઉમર ફારૂક
સંબંધોને સાચવી રાખી ગયા, તે ઉમર ફારૂક

એક વ્યક્તિ, એક મહેફિલ, નામ ઉમર ફારૂકભાઈ
સૂઝ બૂજ કોઠાસૂઝ, નેકી કામ એનું ભલાઈ

હોય ના જાણે ખબર અંતિમ મુલાકાતો કરી
સ્વજનો, સંતાનોથી મન મૂકીને વાતો કરી

કેવા ખુશનસીબ! કે સૌને મળીને એ ગયા
મિત્રોમાં પણ ખાસ મિત્રોને મલીને એ ગયા

જિંદગીભર દોસ્તીને જાળવી ચાલી ગયા
સંબંધોને ઉમ્રભર એ સાચવી ચાલી ગયા

સંતોષથી, નિરાંતે છેવટ સુધી જીવી ગયા
જિંદગી જેને કહે, એ જિંદગી જીવી ગયા

જેમ સારા સારા માણસો અલ્લાહના પ્યારા થયા
એમ ઉમર ફારૂક પણ અલ્લાહને પ્યારા થયા

યાદ રાખો, આપણે સૌને જવાનું છે ‘કદમ’
અંત નથી જ્યાં જિંદગીનો ત્યાં જવાનું છે ‘કદમ’

આપણા સૌની દુઆ છે કે ખુદા રહેમત કરે
ઉમર ફારૂકની અલ્લાહ મગફેરત કરે